# મદદનીશ નિયામક રોજગાર કચેરી,

ગુજરાત સરકાર

એફ-૫/૬,એનેક્ષી બિલ્ડિંગ, બહુમાળી ભવન,
ભાવનગર.

ISO 9001-2000 CERTIFIED OFFICE — PHONE-0278-2423607

ક્રમાંક/મનીરો/ભાવ/વીજી/પી.એચ.એવોર્ડ/ /૨૦૧૯ — તા.૧૫/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
બહુમાળી ભવન, ભાવનગર

વિષય: દિવ્યાંગ પારીતોષિક યોજના-૨૦૧૯ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે દર વર્ષની જેમ ચાલુ વર્ષ-૨૦૧૯ માં પણ અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તેમજ રક્તપિત્તમૂક્ત કર્મચારીઓ, સ્વરોજગાર કરતી વ્યક્તિઓને કામે રાખતા નોકરીદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે પારીતોષિક યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. આથી આપને ત્યાં કામ કરતા ઉક્ત પ્રકારનાં દિવ્યાંગ કર્મચારીઓ વ્યક્તિગત રીતે આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. આ યોજનાનો લાભ વધુ કર્મચારીઓ લઈ શકે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી છે. દિવ્યાંગ વ્યક્તિઓને કામે રાખનાર સંસ્થા તરીકે આપની સંસ્થા પણ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના કર્મચારીઓએ, નોકરીદાતાઓ માટે તેમજ પ્લેસમેન્ટ ઓફિસર માટે અલગ-અલગ અરજી ફોર્મ માટેનો નમૂનો ખાતાની વેબસાઈટ www.talimrojagar.gujarat.gov.in પરથી પણ મેળવી શકો છો. તે નમૂના પ્રમાણેની માહીતી ભરી જરૂરી પ્રમાણપત્રો સાથે મોડામાં મોડા તા.૦૬/૦૮/૨૦૧૯ સુધીમાં મોકલી આપશો.

નોકરીદાતાએ ભરવાનાં ફોર્મમાં તા. ૩૧/૩/૧૯ નાં રોજ કુલ કર્મચારીઓની સંખ્યા બતાવવાની છે. તે પૈકી દિવ્યાંગ કર્મચારીઓ તથા વિકલાંગતાનો પ્રકાર. દા.ત., અંધ, બહેરા-મૂંગા, અપંગ, મંદબુધ્ધિ તેમજ રક્તપિત્તમૂક્ત કેટલ વિગરે માહિતી ફોર્મમાં દર્શાવવાની રહેશે. તથા છેલ્લા ત્રણ વર્ષમાં રાખેલ કર્મચારીઓની અલગ યાદી તેમની કામગીરીનો પ્રકાર તથા શારીરીક ક્ષતિનાં પ્રકાર સહિતની માહીતી અરજીપત્રક સાથે અલગ મોકલાવી.

દિવ્યાંગ વ્યક્તિઓને વિકલાંગતા ૪૦% (ખોડખાપણ ધરાવતા) કે તેથી વધુ હોય તેવા જ કર્મચારીઓની જ અરજી મોકલવાની તથા છેલ્લા ત્રણ માસનું સિવિલ સર્જનનું ડોક્ટરી પ્રમાણપત્ર તથા ખોડ દેખાય તેવો એક ફોટો તેમજ પોલીસ વેરીફીકેશન પણ મોકલવા જરૂરી છે.

આપનો વિશ્વાસુ,

મદદનીશ નિયામક(રોજગાર)
ભાવનગર

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૨૫૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૧૮/૦૭/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner